# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર કરણ પરમાર વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આંબેડકર જયંતિ પ્રસંગે હરિયાણામાં હિસાર અને અયોધ્યા વચ્ચે હવાઈ સેવાનો આરંભ કરાવશે
2) પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત મુર્શિદાબાદમાં સ્થિતિ સામાન્ય બનાવવા માટે સલામતીની ચુસ્ત વ્યવસ્થા
3) ઈરાન પોતાનો પરમાણુ કાર્યક્રમ નહીં છોડે તો પરિણામ ભોગવવા ટ્રમ્પની ચીમકી
4) જલિયાવાલા બાગના શહિદોને રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શ્રદ્ધાંજલી અર્પી
5) આઇપીએલની મેચમાં આજે રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર બેંગલુરુ તથા મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મૂકાબલો

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MORN. PM-HARYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આંબેડકર જયંતિ પ્રસંગે હરિયાણાના હિસારની મુલાકાત લેશે જ્યાં તેઓ હિસાર અને અયોધ્યા વચ્ચે હવાઈ સેવાનો આરંભ કરાવશે. તેઓ હિસાર હવાઈમથક પર નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કરશે અને એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. શ્રી મોદી યમુનાનગરમાં વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે અને સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી યમુનાનગરમાં ૮00 મેગાવોટના દીનબંધુ છોટુ રામ થર્મલ પાવર પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી યમુનાનગરના મુકરબપુર ખાતે કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. તેઓ ભારતમાલા પરિયોજના હેઠળ 14 કિલોમીટરથી વધુ લાંબા રેવાડી બાયપાસ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરશે. જેનાથી દિલ્હી-નારનૌલ વચ્ચેનું અંતર એક કલાક ઓછું થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MP - AMIT SHAH VISIT

ગૃહમંત્રી અમિત શાહ આજે મધ્યપ્રદેશમાં રાજ્ય સ્તરીય સહકારી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશેઆંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ . અંતર્ગતઆ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ અને મધ્યપ્રદેશ ડેરી ફેડરેશન વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. ઉપરાંત કાર્યક્રમમાં માઇક્રો એટીએમ, કિસાન ક્રેડિટ કાર્ડ અને મંજૂર લોન પત્રોનું વિતરણ પણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

## MURSHIDABAD

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં થયેલી હિંસાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને રાજ્યના મુખ્ય સચિવ અને ડીજીપી સાથે વીડિયો કોન્ફરન્સિંગ કરી હતી. પશ્ચિમ બંગાળના ડી. જી. પી. એ માહિતી આપી હતી કે પરિસ્થિતિ તણાવપૂર્ણ છે પરંતુ નિયંત્રણમાં છે અને તેની ઉપર બાજ નજર  રાખવામાં આવી રહી છે. ડી. જી. પી. એ કહ્યું કે**, 150** થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેઓ સ્થાનિક રીતે તૈનાત બીએસએફની મદદ લઈ રહ્યા છે.

શ્રી ગોવિંદ મોહને જણાવ્યું હતું કે**,** મુર્શિદાબાદમાં સ્થાનિક સ્તરે ઉપલબ્ધ લગભગ **300** બીએસએફ જવાનો ઉપરાંત રાજ્ય સરકારની વિનંતી પર **5** વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. તેમણે રાજ્ય વહીવટીતંત્રને અન્ય સંવેદનશીલ જિલ્લાઓ પર ચાંપતી નજર રાખવા અને વહેલી તકે સામાન્ય સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે પૂરતા પગલાં લેવાની સલાહ આપી

હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને જો જરૂરી હોય તો વધારાના માનવબળની તૈનાતી સહિત રાજ્યને તમામ શક્ય સહાયની ખાતરી આપી છે.

-----------------------

# PM-VAISAKHI

પંજાબ, હરિયાણા અને ચંદીગઢ સહિત દેશના ઉત્તરિય ભાગોમાં આજે પાકની લણણીનો તહેવાર વૈશાખી પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને વૈશાખીની શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે જણાવ્યું કે આ તહેવાર દરેકના જીવનમાં નવી આશા અને ખુશીઓ અને સમૃદ્ધિ લઈને આવે  છે. શ્રી મોદી કહ્યું આ તહેવાર એકતા, કૃતજ્ઞતા અને નવીકરણની ભાવનાની ઉજવણી કરે છે.

બીજી તરફ બાંગ્લાદેશના ચિત્તાગોંગ પર્વતીય ક્ષેત્રમાં ત્રણ દિવસીય બૈસાબી તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. રંગામતી, ખાગરાચારી અને બંદરબનના પહાડી જિલ્લાઓના સ્થાનિક સમુદાયોના નવા વર્ષનો તહેવાર બૈસાબી તળાવ અને જળાશયોમાં ગંગા દેવીને ફૂલોની અર્પણ કરીને ઉજવે છે.

. . . . . . . . . . . . . . . .

# DAY--BIHAR-MANDAVIYA

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવાનોને વિકસિત ભારતના નિર્માણ માટે ડૉ. ભીમરાવ આંબેડકરના સમાનતા, ન્યાય અને બંધુત્વના દ્રષ્ટિકોણમાંથી પ્રેરણા લેવા અપીલ કરી હતી.ડૉ. માંડવિયા પટનાના ઐતિહાસિક ગાંધી મેદાન ખાતે યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત જય ભીમ યાત્રાને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું કે, દેશના યુવાનોએ ભારતીય બંધારણની ભાવનાનો આદર કરવો જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ.

(બાઈટ ડૉ. મનસુખ માંડવિયા)

ડૉ. માંડવિયાએ યુવાનોને લાલ કિલ્લાના કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સૂચવેલા પંચ પ્રણને અનુસરવા અપીલ કરી હતી. ડૉ. માંડવિયાએ જણાવ્યું કે અત્યાર સુધીમાં પોણા બે કરોડ યુવાનો માય ભારત સાથે જોડાયા છે.યાત્રાના ઉદ્ઘાટન સમયે યુવા સ્વયંસેવકો દ્વારા ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું પઠન કરવામાં આવ્યું હતું. ડૉ. બાબસાહેબ આંબેડકરની જન્મજયંતિ અને ભારતીય બંધારણના 75 વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને જય ભીમ પદયાત્રાનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . . . .

# DELHI-WALKATHON

દિલ્હી સરકારે આજે ડૉ. ભીમરાવ આંબેડકર જયંતી નિમિત્તે રાષ્ટ્રીય રાજધાનીમાં વોકથોનનું આયોજન કર્યું હતું. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વોકથોનને લીલી ઝંડી બતાવી હતી જેમાં હજારો બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે દિલ્હી સરકાર બાબાસાહેબ દ્વારા સ્થાપિત માર્ગનું પાલન કરવા, તેમણે નિર્ધારિત કરેલા સિદ્ધાંતોને જાળવી રાખવા અને લોકોને યોગ્ય શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સમાનતા મળે તે સુનિશ્ચિત કરવા માટે સમર્પિત છે. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે સરકારે એક એવો કાર્યક્રમ અમલમાં મૂક્યો છે જેમાં દરેક બાળક તેમના વિશે જાણશે અને તેમની સ્મૃતિને સન્માન આપશે.

(બાઇટ- રેખા ગુપ્તા, મુખ્યમંત્રી, દિલ્હી)

દર વર્ષે 14મી એપ્રિલે ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી થાય છે.

------------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# TRUMP IRAN

પરમાણુ કાર્યક્રમને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર તણાવ વધી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે ઈરાનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો તે પોતાનો પરમાણુ કાર્યક્રમ છોડશે નહીં,તો તેને પરિણામોનો સામનો કરવો પડી શકે છે. અમેરિકી રાષ્ટ્રપતિના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે  ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્રો મેળવી ન શકે તે અમેરિકાની પ્રાથમિકતા છે. ડોનાલ્ડ ટ્રમ્પ રાજદ્વારી દ્વારા ઉકેલને સમર્થન આપે છે. પરંતુ જો રાજદ્વારી નિષ્ફળ જાય, તો અન્ય પગલાં લઈ શકાય છે. પ્રેસ સેક્રેટરીએ સંકેત આપ્યો કે, જો ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અંગેનો પોતાનો ઈરાદો નહીં બદલે તો વધુ સારા પરિણામોની અપેક્ષા રાખી શકશે નહીં.

. . . . . . . . . . . . . . . .

# PM---JALLIANWALA-BAGH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ વર્ષ ૧૯૧૯માં આજના દિવસે સ્વાતંત્ર્ય સેનાનીઓએ આપેલા બલિદાનને યાદ કરતા કહ્યું કે તેમના બલિદાનથી દેશના સ્વાતંત્ર્ય સંગ્રામનો પ્રવાહ મજબૂત બન્યો હતો.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડએ કહ્યું કે દેશ શહીદોના બલિદાનનું ઋણી રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જલિયાવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવતા સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું છે કે આવનારી પેઢીઓ શહીદોના અદમ્ય ભાવનાને હંમેશા યાદ રાખશે. તેમણે કહ્યું કે જલિયાંવાલા બાગ આપણા દેશના ઇતિહાસનો એક કાળો અધ્યાય છે. તેમણે કહ્યું શહીદોનું બલિદાન ભારતના સ્વતંત્રતા સંગ્રામનો એક મહત્વપૂર્ણ પ્રકરણ છે.

ઉલ્લેખનીય છે કે આજના દિવસે વર્ષ 1919માં જલિયાવાલા બાગમાં બ્રિટિશ દમનકારી કાયદા 'રોલેટ એક્ટ' વિરુદ્ધ શાંતિપૂર્ણ રીતે યોજાયેલી સભામાં જનરલ ડાયરે નિઃશસ્ત્ર અને નિર્દોષ લોકો પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો હતો.આ અમાનવીય ઘટનામાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# US PLANE CRASH

અમેરિકાના ન્યૂયોર્કમાં વિમાન દુર્ઘટનામાં એકનું મોત થયું હતું. આ વિમાનમાં બે લોકો સવાર હતા, આ અકસ્માત કોલંબિયા કાઉન્ટીના કોપાક વિસ્તાર નજીક થયો હતો. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, વિમાન કોલંબિયા કાઉન્ટી એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું. પરંતુ એરપોર્ટથી થોડે દૂર જ અકસ્માત થયો. વિમાન કાદવવાળા ખેતરમાં ક્રેશ થયું.

. . . . . . . . . . . . . . . .

# ISO SAGAR

ભારતીય મહાસાગર જહાજ SAGAR જહાજ તરીકે નિયુક્ત INS સુનયના ગઇકાલે તાંઝાનિયાના દાર-એ-સલામ બંદરમાં પ્રવેશ્યું હતું. આ જહાજ પાંચ એપ્રિલના રોજ ગોવાના કારવારથી રવાના થયું હતું, જેમાં હિંદ મહાસાગર ક્ષેત્રના નવ ફ્રેન્ડલી ફોરેન નેશન્સ ના 44 નૌકાદળના કર્મચારીઓ સામેલ હતા, જે જહાજના ક્રૂના ભાગ રૂપે સવાર હતા.

જેમાં કોમોરોસ, કેન્યા, મડાગાસ્કર, માલદીવ્સ, મોરેશિયસ, મોઝામ્બિક, સેશેલ્સ, શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. IOS SAGARનું તાંઝાનિયા નૌકાદળના પ્રમુખ આરએડીએમ એઆર હસન સહીતના ગણમાન્ય લોકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ

**જહાજ એક કવાયતમાં પણ  સામેલ થશે. IOS SAGAR મિશન અંતર્ગત આ  જહાજ 15 એપ્રિલ 25ના રોજ દાર-એ-સલામથી મોઝામ્બિક માટે રવાના થશે.**

. . . . . . . . . . . . . . . .

## SUDAN---KILLED

સુદાનના અલ ફાશરમાં છેલ્લા બે દિવસમાં બે શરણાર્થી શિબિર પર અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) દ્વારા કરાયેલા હુમલામાં 114 થી વધુના મોત થયા છે. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે શુક્રવારે ઝમઝમ વિસ્થાપન શિબિરમાં 100થી વધુ અને ગઈકાલે અબુ શૌક શિબિર પર થયેલા હુમલામાં 14ના મોત થયા હતા. જોકે આરએસએફએ હુમલા અંગે કોઈ  ટિપ્પણી  કરી નથી. ઉલ્લેખનીય છે કે સુદાની સશસ્ત્ર દળો (SAF) અને RSF વચ્ચે 10 મે, 2024 થી અલ ફાશરમાં ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

## IPL

IPL ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સાથે થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાશે. જ્યારે બીજી મેચમાં દિલ્હી

કેપિટલ્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે.

ગઇકાલે લખનઉમાં રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટસની ટીમે ગુજરાત ટાઇટન્સની ટીમને 6 વિકેટથી હરાવ્યું છે.

અન્ય બીજી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને આઠ વિકેટથી હરાવ્યું. આ સનરાઇઝર્સનો પંજાબ સામે 10 મેચમાં નવમો વિજય હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PALM-SUNDAY-MIZORAM--NAGALAND

પ્રભુ ઈસુ ખ્રિસ્તના જેરુસલેમમાં આગમનની યાદમાં આજે પામ સન્ડેની ઉજવણી કરાઇ રહી છે.મિઝોરમમાં આ દિવસને "ટુમકાઉ ની" તરીકે ઓળખવામાં આવે છે. મિઝોરમના વિવિધ ભાગોમાં આજે શ્રદ્ધાળુઓ દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી રહી છે. નાગાલેન્ડમાં પણ આજે વિવિધ ચર્ચમાં વિશેષ પ્રાર્થનાનું આયોજન કરાયું છે. નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોએ પામ સન્ડે પર લોકોને શુભેચ્છા પાઠવી છે.

. . . . . . . . . . . . .